**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax :** (0261) 2227312 **ફેક્સ :** (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram :** VNSGU **તાર :** વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** **સિન્ડિકેટની તાકીદની સભા**
**ફક્ત સભ્યોની જાણ માટે** **તા. ૨૫–૭–૨૦૦૫**

સિન્ડિકેટની તાકીદની સભા સોમવાર, તા. ૨૫–૭–૨૦૦૫ ના રોજ બપોરે ૪–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

# –: કાર્યવાહી :–

| **ક્રમ** | | **તા. ૨૫–૭–૨૦૦૫** |
|---|---|---|
| ૧. | ડો. રમેશચંદ્ર જી. કોઠારી (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | શ્રી જયેશ વી. દેશકર (ઉપ–કુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આચાર્ય ઘનશ્યામ પ્રસાદ છોટુભાઈ સનાઢય | હાજર |
| ૭. | આચાર્ય ર્ડા.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮. | ડો.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯. | ડો.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | ગેરહાજર |
| ૧૨. | ડો.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૫. | ડો.વિપુલ જે. સોમાણી | ગેરહાજર |
| ૧૬. | –ખાલી– | – |
| ૧૭. | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | હાજર |
| ૧૮. | શ્રી મયુરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૯. | શ્રીમતી સાધના ભંડારી | હાજર |
| ૨૦. | શ્રી દિનેશભાઈ દાસા | ગેરહાજર |

૧. સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીનના સંચાલક મંડળ ધ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ એસ.સી.એ. નં. ૧૩૪૪૩/ ૦૫ના ચુકાદા/ હુકમ અન્વયે, તેમની હોમિયોપેથીક કોલેજના જોડાણ અંગે સંચાલક મંડળના સભ્યોને રૂબરૂમાં બોલાવી તેમની રજૂઆતોને સાંભળીને યોગ્ય વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન, સુરતને શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬થી સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એચ.એમ.એસ.માં પ્રવેશ ન આપવાના તા. ૨૫–૬–૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ (૩૮) સંબંધે સંબંધિત સંસ્થાએ નામદાર હાઈકોર્ટમાં તા. ૧૪–૭–૨૦૦૫ના રોજ કરેલ રીટના આધારે નામદાર હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ તા. ૧૯–૭–૨૦૦૫ના ચૂકાદા અનુસાર સંબંધિત સંસ્થાની લેખિત તેમજ વિસ્તૃત મૌખિક રજૂઆત સાંભળ્યા બાદ તથા સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હોમિયોપેથીના તા. ૩–૮–૨૦૦૪ના રિપોર્ટ અને સરકારશ્રીના (યુનિવર્સિટી રેકર્ડ પર ઉપલબ્ધ રાજય સરકારના સંબંધિત કાગળો) પત્રોને ધ્યાનમા લઈ લંબાણપૂર્વકની ચર્ચાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું:

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સંસ્થાને સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હોમિયોપેથી તરફથી રજૂ કરેલ રિપોર્ટ બાબતે, જરૂરી કાર્યવાહી કરી યુનિવર્સિટીને એકશન ટેકન રીપોર્ટ મોકલી આપવા તા. ૬–૯–૨૦૦૪ના પત્રથી જણાવવા છતાં તે યુનિવર્સિટીને રજૂ કરેલ ન હોઈ તથા યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિના રિપોર્ટમાં સંસ્થા પાસે જે જરૂરિયાતો/ સુવિધાઓ સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ હોમિયોપેથી તથા યુનિવર્સિટીના નિયમ પ્રમાણેની હોવી જોઈએ તેમાંથી મોટાભાગની ન હોઈ, સંસ્થાને વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬ પૂરતું પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ. માટે જોડાણ ન આપવું અને અન્ય વર્ષોનું ચાલુ જોડાણ (દ્વિતીય વર્ષ, તૃતીય વર્ષ વગેરે) શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૦૬ માટે ચાલુ રાખવું.

વધુમાં, સંસ્થા યુનિવર્સિટીના રીપોર્ટ તથા કાઉન્સિલના નિયમો મુજબની જરૂરી પૂર્તતા છ (૬) મહિનામાં કરી યુનિવર્સિટીને જણાવે અને તે અંગેનાં વેરીફીકેશન રીપોર્ટના આધારે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૦૬ના વર્ષ બાદ પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસના જોડાણ માટે વિચારવું.

પ્રથમ વર્ષનું જોડાણ ન આપવા બાબતે શ્રી હોશંગ મિરઝા દ્વારા સભામાં નાસંમતિ વ્યકત કરવામાં આવી હતી અને સભા બરખાસ્ત થયા પછી શ્રી મિરઝા, શ્રી નૈષધ દેસાઈ તથા ડો. મહેન્દ્રસિંહ ચૌહાણની સંયુકત સહીથી નાસંમતિની નોંધ આપવામાં આવી હતી.

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી.**

૨. વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, ન્યુ દિલ્હીના ઈનોવેટીવ પ્રોગ્રામ હેઠળ જીવ વિજ્ઞાન વિભાગમાં **"Advanced P.G. Diploma In Medicinal Plant" (One Year)** ના એક વર્ષ પી.જી. ડિપ્લોમાં અભ્યાસક્રમ શરૂ કરવા તા. ૧–૪–૨૦૦૫થી ૩૧–૦૩–૨૦૧૦ (પાંચ વર્ષ) ના સમયગાળા માટે રૂા. ૨૮–૩૫ લાખની ગ્રાંટ તથા એક વ્યાખ્યાતા મંજૂર કર્યા અંગેની જાણ કરતા તથા ક્રમાંકઃ ૨૨ હેઠળ પ્રસ્તુત અભ્યાસક્રમના થનાર આવર્તક તથા અનાવર્તક ખર્ચ માટે પ્રથમ હપ્તા તરીકે વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬ માટે **'on account'** રૂા. ૨૦,૩૫,૦૦૦/– (વીસ લાખ પાત્રીસ હજાર)ની ગ્રાંટ મંજૂર કર્યાની અનુદાન આયોગના તા. ૩૦ મી જૂન ૨૦૦૫ના પત્રાંકઃ **No. F 14-59/ 2005 (Inno./ ASIST)** ની નોંધ લેવા બાબત તથા પ્રસ્તુત પત્રમાં દર્શાવેલ શરતો સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ.જી.સી.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નોંધ લઈ ચાલુ શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬થી એક વર્ષનો **P.G. Diploma In Medicinal Plant" (One Year)** નો પી.જી. ડિપ્લોમાં અભ્યાસક્રમ શરૂ કરવા માટેની મંજૂરી આપી, ડો. એમ.એચ. પરબીયાની કો–ઓર્ડિનેટર તરીકે નિમણૂંક કરી ઘટતી કાર્યવાહી હાથ ધરવા જણાવવું.

**ઉપરોકત બાબતમાં કોઈપણ છેકાછેક અને સુધારા વધારા નથી.**

૩. દિનાંકઃ ૧૮–૭–૦૫ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંકઃ (૨) પર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે અન્ય તજજ્ઞનો અભિપ્રાય મેળવી ઘટતી કાર્યવાહી હાથ ધરવી.

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
તા. ૩૦–૭–૨૦૦૫ **ઈ.ચા.કુલસચિવ**
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૬૯૨૮/ ૦૫

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ……

**ઉપરોકત બાબતમાં કોઈપણ છેકાછેક અને સુધારા વધારા નથી.**